જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૪/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૭૦૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૩૨ લીટર દેશી દારૂ, ૪૩૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૭૧૧/૧૫**

ઇસનપુર : રાજુબહેન વા/ઓ અંબાલાલ ઝેણાજી ઠાકોર(ઉ.વ.૪૫)(રહે,ઠાકોર વાસ, મ્યુ.પ્રા..શાળાની બાજુમાં, ઘોડાસર ગામ ઇસનપુર) એ તા.૧૨/૪/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૪/૧૫ રાતનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના પતિ અંબાલાલ ઝેણાજી ઠાકોર અને પોતાનો પુત્ર મેહુલ અંબાલાલ ઠાકોર (ઉ.વ.૨૨)નાઓ વચ્ચે ઓટો રિક્ષાના ભાડા બાબતે બોલાચાલી-ગાળાગાળી અને ઝઘડો થતાં અંબાલાલે પોતાના પુત્ર મેહુલના માથાના પાછળના ભાગે લાકડાના ધોકાથી તથા છાતીમાં ડાબી બાજુ છરીથી એક ઘા મારી, મેહુલને જીવલેણ ઈજા પહોચાડતા મેહુલનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

**ખુનની કોશીશ :-** **સમાચાર યાદી નં.૭૧૨/૧૫**

વટવા : અફરોઝભાઇ ઉર્ફે બાલી મોહમદભાઈ શેખ (ઉ.વ.૨૧)(રહે,સરતાજનગર, ઠાકોર વાસની પાછળ, ગણેશનગર રોડ, વટવા) એ તા.૧૨/૪/૧૫ નારોજ વટવા પોલીસ સમક્ષ એલ.જી.હોસ્પીટલ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૪/૧૫ રાતનાં ૧૧/૪૫ વાગ્યાના સુમારે વટવા, કેનાલ રોડ, બાગે કોશર સોસાયટી નજીક આરોપી (૧) સદામ (૨) લલ્લન (૩) શાહરૂખ ઉર્ફે તોતડો (૪) વકાર (જેઓના પુરા નામ-ઠામની ખબર નથી)(તમામ રહે, બાગે કૌશર સોસાયટી, કેનાલ રોડ વટવા) એ ભેગામળી “તે મારા ભાઈ મહેબુબને કેમ મારેલ છે” તેમ કહી અફરોઝભાઇને બેઝબોલ નો દંડો, તલવાર અને હોકીથી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી, જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. તેમજ અફરોઝભાઇનાં મિત્ર ઇરફાનને પણ આ ચારેય આરોપીઓએ કોઈ તીક્ષ્ણ હથીયારથી પેટના ભાગે તથા માથાનાં ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડેલ હોઇ, બંનેની સારવાર એલ.જી.હોસ્પીટલ ખાતે ચાલુ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ત્યજી દીધેલ બાળક મળી આવવા બાબતઃ</u> <u>સમાચાર યાદી નં.૭૧૩/૧૫</u>

નારણપુરા : તા.૯/૪/૧૫ ના કલાક ૬/૩૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન નવા વાડજ ભીમજીપુરા ખાતે આવેલ મિશનરીસ ઓફ ચેરીટી (મધર ટેરેસા)ના ગેટની અંદર કમ્પાઉન્ડમાંથી અઢી મહિનાની બાળકી ત્યજી દિધેલ હાલતમાં નારણપુરા પોલીસને મળી આવતા નારણપુરા પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોધ્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

સરખેજ : તા.૧૧/૪/૧૫ સાંજના ૫/૧૦ વાગ્યાના સુમારે સરખેજ ગામ, ગાયત્રીનગર ખાતેથી પાંચ મહીનાનાં ગર્ભનું ભ્રુણ ત્યજી દિધેલ હાલતમાં, સરખેજ પોલીસને મળી આવતાં સરખેજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધ્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ઇશરાણી ચલાવે છે.

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૧૪/૧૫</u>

શહેરકોટડા : વિનોદભાઇ શંકરભાઇ પટણી (ઉ.વ.૪૫)(રહે.ફુલચંદની જુની ચાલી, શારદાબહેન હોસ્પીટલની પાછળ, સરસપુર) એ તા.૧૧/૪/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૪/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે પુષ્પરાજ એસ્ટેટ દુકાન નંબર ૨૩ પાસેથી અને ફુલચંદની જુની ચાલી ખાતેથી આરોપી (૧) મહેશ રમેશભાઇ પટણી અને (૨) તેનો મિત્ર (જેના પુરા નામની ખબર નથી) વિનોદભાઇની પુત્રી ભારતીબહેન ઉર્ફે લાલા તથા વિનોદભાઇના સાઢુની પુત્રી ભારતીબહેન ઉર્ફે ટીની નાઓને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

વટવા : મુબીનાબાનુ ઇમ્તીયાઝ મન્સુરી (ઉ.વ.૧૭)(રહે.મગદુમનગર, સૈયદવાડી પાછળ, વટવા) તા.૧૦/૪/૧૫ સવારનાં ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી ઇમ્તીયાજ અનારભાઇ મકરાણી (રહે.અજમેરી મોહલ્લા, સબજીમંડી, ખેરવાડા, રાજસ્થાન) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મુબીનાબાનુનાં પિતા ઇમ્તીયાઝ મન્સુરીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.

<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૧૫/૧૫</u>

ક્રાઇમબ્રાન્ચ : કેતુલભાઇ પ્રધ્યુમનભાઈ દવે (ઉ.વ.૪૪)(રહે.રંગ આશીષ સોસાયટી, રાજેશ્વરી સોસાયટી પાસે ઈસનપુર રોડ, મણીનગર) એ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૪/૧૫ ના કલાક ૯/૩૦ થી ૯/૫૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૨૯૪૯૧૯૪૭૫ નો ધારક અને તેના મળતીયા માણસોએ ભેગામળી આરોપીએ પોતે આઈ.સી.આઈ.સી.આઈ બેંકમાંથી બોલે છે અને KYC ફોર્મ ભરવાનાં બહાને કેતુલભાઇને વિશ્વાસમાં લઈ બેંક તરફથી મોકલવામાં આવેલ વનટાઈમ પાસવર્ડ કેતુલભાઇ પાસેથી મેળવી, ઈન્ટરનેટ માધ્યમનો દુરપયોગ કરી, કેતુલભાઇનાં બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૫૦,૦૦૮/- નું ટ્રાંજેક્શન કરી, કેતુલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એ.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

લુંટ :- સમાચાર યાદી નં.૭૧૬/૧૫

સરદારનગર : સાવિત્રીબહેન તે દયાલચંદ ભુલચંદ દેહલાણીની વિધવા પત્ની (ઉ.વ.૬૫)(રહે.ભાનુ સ્કુલની બાજુમાં, એ વોર્ડ, કુબેરનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૪/૧૫ નાં કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના ઉપરનાં માળે એક અજાણ્યો પુરૂષ (૨૦ થી ૩૦ વર્ષના આશરાનો) પ્રવેશ કરી, ચક્કુ બતાવી, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની લુંટ કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૧૭/૧૫

ઇસનપુર : વિભાબહેન મયુરકુમાર દવે (રહે.બોમ્બે હાઉસીંગ, રાયપુર મીલની બાજુમાં, હરીભાઇ ગોદાણીના દવાખાના આગળ, સરસપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૪/૧૫ નાં કલાક ૧૧/૦૦ થી તા.૧૧/૪/૧૫ નાં કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના અને ચાંદીના સિક્કા નંગ-૮ મળી કુલ રૂપિયા ૮૩,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)